For Private Circulation Only

ECHOES INDIA

શ્રી રામચંદ્ર મીશન®

નવેમ્બ્રર 2014 વર્ષ 7, અંક 6





# મણાપાક્કમથી સમાચાર

## ઓગસ્ટ 2014

### રવિવાર, 3 ઓગસ્ટ

માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું અને ત્યારબાદ લગ્ન સંપન્ન કર્યાં. તેમની માંદગી દરમ્યાન લગાવેલી નળીઓ વિના તેમને જોવા તે ખુશીદાયક હતું, તે તેમના સ્વાસ્થ્ય સુધરવાની નિશાની છે. જ્યારે તેઓ પોતાના કાર્યાલયમાં પાછા ફર્યા, ત્યારે થોડા અભ્યાસીઓએ તેમની સાથે તસવીરો ખેંચાવી. તે હળવી અને પ્રસન્નતાભરી ક્ષણો હતી. છતાં આ પછી માસ્ટર ઘણા થાકેલા જણાતા હતા અને બાકીના દિવસ દરમ્યાન તેમણે આરામ કર્યો હતો.

સાંજે તેમણે ''સમવ્હેર ઈન ટાઈમ'' નામનું સંમોહન (hypnosis) ઉપર એક મોહક ચલચિત્ર જોયું. માસ્ટરે સાંજે 9 વાગ્યાથી બે કલાક સુધી સંપૂર્ણ ચલચિત્ર નિહાળ્યું હતું.

આ અઠવાડીયાના નિત્યક્રમ પ્રમાણે માસ્ટર સવારેઆશરે 6 વાગે ઊઠી જતા હતા અને તેમની ફિઝીઓથેરાપીની કસરત કર્યા પછી તેમની ખુરશીમાં બેસીને કાર્યાલયમાં જતા હતા અને નાસ્તો કરતી વખતે તેમને વાંચી સંભળાવવામાં આવતા સમાચારો સાંભળતા હતા. ત્યાર બાદ, તેઓ સૂર્યના તડકામાં થોડી વાર બેસતા હતા.

4થી તારીખે, તેઓ આશરે 8:45 વાગે બહાર આવ્યા હતા અને ત્યાં હાજર કેટલાક અભ્યાસીઓને ટુંકુ સીટીંગ આપ્યું હતું. તેઓ બાદમાં અંદર ગયા અને બેંગલોરના એક અભ્યાસી ડોક્ટરનો ઈન્ટરવ્યુ ટી.વી. ઉપર નિહાળ્યો. માસ્ટરને ખૂબ જ રસ પડ્યો અને અર્ધા કલાક કરતાં વધારે સમય સુધી તેમણે તે નિહાળ્યા કર્યું. ત્યાર બાદ તેમણે માઈકલ સેન્ડલ દ્વારા રજૂ થતો ''જસ્ટીસ'' કાર્યક્રમનો અંક નિહાળ્યો. તેમણે જણાવ્યું કે આ તેમનો માનીતો કાર્યક્રમ છે.

### 5–7 ઓગસ્ટ 2014

નાસ્તા બાદ, એક બહેને કહ્યું, ''માસ્ટર, હું તમારાથી ઘણી દૂર છું, છતાં મને ક્યારેય થતું નથી કે તમે મારી પાસે નથી. માસ્ટરે કહ્યું, "હા, આ જ સતત સ્મરણની તાકાત છે. આપણે ક્યાંય પણ હોઈએ, માસ્ટર આપણી સાથે જ હોય છે."

નાસ્તા બાદ, માસ્ટર બહાર આવ્યા અને લાંબા સમય સુધી સવારના તડકામાં બેઠા. તેઓ જેકીને ગાઝાના યુધ્ધના તાજા સમાચાર વિષે પૂછી રહ્યા હતા. તેમને ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેની લડાઈનો ઈતિહાસ જાણવામાં પણ રસ હતો. જેકી દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ એકચિત્તે સાંભળ્યા પછી તેમણે કહ્યું, "આ બધા યુધ્ધોના મુખ્ય કારણો ધર્મો છે. આશરે 11:30 કલાકે તેઓ અંદર ગયા.

6ઠીએ સવારે કેટલાક અભ્યાસીઓ માસ્ટરને મળવા આવ્યા હતા, તેમને માસ્ટરે પૂછ્યું, "મેં સાંભળ્યું છે કે તમે સત્સંગમાં હાજર રહેતા નથી. શું કારણ છે?" અભ્યાસીઓએ પ્રતિસાદ આપ્યો નહીં અને માસ્ટરે કહ્યું, "એમ માનતા નહીં કે માત્ર સેવા આપવી તે પુરતું છે. આપણે ફરજ સ્વરૂપે સેવા આપીએ છીએ, પણ તે આપણને આગળ લઈ જશે નહી. અભ્યાસીઓએ તેમની સાધના નિયમિત કરવી જ જોઈએ. 7મી તારીખના રોજ માસ્ટર, એક અભ્યાસી કાર લાવ્યા હતા તેને જોવા બહાર આવ્યા. માસ્ટર કારમાં રહેલા વિવિધ કન્ટ્રોલ વિભાગો વિષે પૂછી રહ્યા હતા, અને તેઓ ખાસ કરીને ટ્રંકના કદથી પ્રભાવિત થયા હતા. ત્યાર બાદ, તેઓ બહાર બેઠા હતા અને બધાને સવારના 9:00 કલાકના સત્સંગના સમયની સાથે સમય મેળવીને સીટીંગ આપ્યું હતું.

### વ્હિસ્પર્સ ઉપર ચર્ચા

9મીએ માસ્ટર કેટલાક વ્હિસ્પર્સના સંદેશાઓ શોધી રહ્યા હતા, અને એક અભ્યાસીએ પુસ્તકમાંથી તેના થોડા અંશો સંભળાવ્યા



અત્યંત થાકી ગયેલા હતા અને તેથી તેમણે, માત્ર કુટીરમાં હાજર હતા તેઓને ટૂંકુ સીટીંગ આપ્યું અને કમલેશભાઈએ સવારના 9:00 કલાકનો સત્સંગનું સંચાલન ધ્યાનકક્ષમાં કર્યું હતું. સત્સંગ બાદ, વ્હિસ્પર્સના સંદેશ વાંચવામાં આવ્યા હતા, જે આ દિવસની અગત્યતા અને આ દિવસ તેમની યાદમાં કેવી રીતે પસાર કરવો તે બાબતે હતા.

હતા. માસ્ટરે ધ્યાનપૂર્વક તેમને સાંભળ્યા અને કહ્યું, "હું, ઘણા સમય પહેલા 'હાઈરાર્ચી' શબ્દ વાપરતો હતો, બાબુજી આ શબ્દ વ્હિસ્પર્સમાં વાપરી રહ્યા છે!" બધા હસી પડ્યા.

18 વર્ષની ઉંમરના કેટલાક યુવાનો અને યુવતીઓ અભ્યાસ શરૂ કરવા માગતા હતા. માસ્ટર તેઓને સીટીંગ આપવા અત્યંત આતુર હતા, પણ તેઓ ખૂબ થાકી ગયેલા હોવાથી કમલેશભાઈ તેઓને સીટીંગ આપવા સહમત થયા.

10મી ઓગસ્ટના રોજ રક્ષાબંધનનો દિવસ હતો (ભાઈ અને બહેન વચ્ચેના પ્રેમના બંધનને ઉજવવાનો દિવસ). માસ્ટર સવારે 6:30 કલાકે ઉઠ્યા અને મુરાદાબાદથી આવેલી બહેને માસ્ટરને રાખડી બાંધી (પવિત્ર દોરો) હતી. માસ્ટરનો પરિવાર આવ્યો અને તેઓ બધા પ્રફુલ્લીત હતા. કમલેશભાઈએ ધ્યાનકક્ષમાં રવિવારના સત્સંગનું સંચાલન કર્યું, તે દરમ્યાન માસ્ટરે નાસ્તો કર્યો હતો. માસ્ટર આંખો બંધ કરીને તેઓને વાંચી સંભળાવામાં આવતા સમાચાર સાંભળી રહ્યા હતા. જેવો સત્સંગ પૂરો થયો કે માસ્ટરે કહ્યું કે તેઓ અંદર જવા ઈચ્છે છે.

ત્યાર બાદ, માસ્ટર તડકામાં બેસવા બહાર આવ્યા અને તેઓની આસપાસ બેઠેલા બધા મૌન બેસી રહ્યા. થોડી બહેનોએ આગળ આવી, માસ્ટરને રાખડી બાંધી હતી.

**ગુરુવાર, 14 ઓગસ્ટ, 2014**

નાસ્તા અને સમાચારપત્રના વાંચન બાદ, માસ્ટર થોડા અભ્યાસીઓને મળ્યા અને તેઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા. ચીનથી આવેલી એક બહેન અંદર આવી અને ચાઈનીઝ ભાષામાં કહ્યું, "આજે સવારે તમને મળીને હું અત્યંત પ્રસન્ન છું." માસ્ટરે પ્રતિભાવ આપ્યો, "હું પણ આજે સવારે બધી ભાષામાં તમને મળીને ખુશ છું." અને બધા હસી પડ્યા. માસ્ટર થાકેલા હોવા છતાં, તેમના એક વિધાને વાતાવરણને હળવું બનાવી દીધું. એક બહેને જણાવ્યં કે તેણી તે દિવસે પાછી ફરી રહી છે અને તેણી માસ્ટર તરફથી એવા સંદેશાની અપેક્ષા રાખે છે કે જેને તેણી પોતાના સમગ્ર જીવન દરમ્યાન અનુસરી શકે. માસ્ટરે કહ્યું, "તે બધાને પ્રેમ કરો કે જેને તેઓ પ્રેમ કરી રહ્યા છે."

આજે લાલાજી મહારાજની મહાસમાધિનો દિવસ હતો, પણ માસ્ટર

**શુક્રવાર, 15 ઓગસ્ટ, 2014**

તે ભારતનો સ્વાતંત્ર્ય દિન હોવાથી, સવારે 6:30 કલાકે ઝેડ.આઈ. સી ભાઈ વિનીત રાણાવતે ધ્યાનકક્ષની બાજુમાં ધ્વજ વંદન કર્યું. કમલેશભાઈએ સવારે 9:00 કલાકે સત્સંગનું સંચાલન કર્યું હતું, ત્યારબાદ લગ્ન સંપન્ન કરાવ્યું હતું. માસ્ટર છેલ્લા કેટલાક દિવસોથી નબળાઈ અનુભવી રહ્યા હતા અને તેમ જણાતું હતું કે તેઓ કદાચ ફરીથી બીમાર પડશે. પણ ડોક્ટરોએ સમસ્યાને બહુ પહેલા પકડી પાડી હતી અને તે મુજબ સારવાર શરૂ કરી દીધી હતી, જેથી માસ્ટરને કોઈ ખાસ અસર થઈ નહીં.

**રવિવાર, 31 ઓગસ્ટ, 2014.**

માસ્ટર સવારે 7:30 કલાકે ઉઠ્યા હતા અને તેમના ઈ-મેઈલ જોયા હતા. ત્યાર બાદ, તેમણે નાસ્તો કર્યો અને લાંબા સમય સુધી સમાચારપત્ર વાંચવાનું ચાલુ રાખ્યું. આ પછી તેઓ ખુબ થાકી ગયા હતા અને તેમના શયન કક્ષમાં જતા રહ્યા હતા. જ્યારે દરેકને જણાતું હતું કે તેઓ હવે આરામ કરશે, ત્યારે તેમણે બહાર આવીને બધાને આશ્ચર્ય આપ્યું. તેમણે કેટલાક વિષયો ઉપર લંબાણપૂર્વક ચર્ચા કરી. એક અભ્યાસીએ કહ્યું, "માસ્ટર, મેં પ્રેમને એક તાકાત તરીકે ક્યારેય વિચાર્યું ન હતું. ફક્ત સહજ માર્ગમાં આવ્યા બાદ જ પ્રેમ કેટલો અસરકારક છે તે જોઈ શક્યો છું." આશ્રમોનો સંદર્ભ આપતાં માસ્ટરે કહ્યું કે, "મારી ઈચ્છા છે કે જ્યાં ત્રીસ કરતાં વધારે અભ્યાસીઓ હોય, ત્યાં આશ્રમ હોય કારણકે ત્યાર બાદ, અભ્યાસીને કોઈના ઘરે સીટીંગ લેવાનો સંકોચ નહીં રહે કારણ કે આશ્રમમાં જ સીટીંગો થઈ શકે છે."







## સપ્ટેમબર 2014

**શુક્રવાર, 12 સપ્ટેમ્બર: દ્વારકા એપાર્ટમેન્ટમાં રોકાણ**

માસ્ટર આશ્રમની બરોબર પાછળ આવેલા, દ્વારકા એપાર્ટમેન્ટમાં આવેલાં તેમના પોતાના એપાર્ટમેન્ટનું ઉદ્દઘાટન કરવા ગયા હતા. સવારમાં ઝરમર વરસાદ પડતો હતો, પણ માસ્ટર તૈયાર થઈ ગયા અને તેમના ગોલ્ફ કાર્ટમાં બેસીને ત્યાં ગયા હતા. ત્યાં એકત્રિત થયેલા દરેક લોકો માટે તેમણે સત્સંગનું સંચાલન કર્યું. સીટીંગ બાદ માસ્ટર ખૂબ જ થાકી ગયા હતા, તેમ છતાં કેટલાક મહેમાનો કે જેમને તેમણે આમંત્રિત કર્યા હતા, તેમને તેઓ ભેટ આપવા ઈચ્છતા હતા.

તેમના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને, ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હોવા છતાં તેમણે પોતાની સંકલ્પશક્તિનો ઉપયોગ કરીને પોતાના તમામ કાર્યો પૂરા કર્યાં, અને જ્યારે બધા કામ પૂરા થયા ત્યારે તેમણે થોડો આરામ લીધો.

સાંજના માસ્ટર ત્રીસ અભ્યાસીઓ સાથે થોડી વાર બેઠા અને ત્યારે બાદ અંદર જતા રહ્યા. તેઓ તે દિવસે સાંજના જ સૂઈ ગયા.

**શનિવાર, 13, સપ્ટેમ્બર:** માસ્ટર કુટીરમાં પાછા ફર્યા અને ખૂબ જ થાકેલા હોવાના કારણે તેમણે આખો દિવસ આરામ કર્યો.

**15–19 સપ્ટેમ્બર:** મોટા ભાગે માસ્ટરે આખા અઠવાડિયા દરમ્યાન આરામ કર્યો. પ્રસંગોપાત કાર્યાલયમાં તેમનો નાસ્તો કરવા અથવા બપોરનું ભોજન લેવા આવતા અને પછી તેમના શયનખંડમાં જતા રહેતા. માસ્ટર કોઈને મળવા માટે ઉપલબ્ધ ના હોવાના કારણે, કુટીરમાં માસ્ટરને મળવા આવતા અભ્યાસીઓને નિયંત્રિત કરી દેવામાં આવ્યા હતા. છતાં જ્યારે તેઓ કાર્યાલયમાં આવતા ત્યારે તે સમયે ત્યાં હાજર અભ્યાસીઓને તેઓ થોડા સમય માટે મળતા. ચેન્નાઈનું હવામાન વાદળછાયું અને વરસાદમય હતું. કુટીરમાં કોઈપણ પ્રવૃત્તિ વિનાનું પ્રવર્તમાન વાતાવરણ, શાંત મનોભાવને દર્શાવતું હતું. સામાન્યતઃ, આ મહિનામાં માસ્ટર કુટીરમાં માસ્ટરને મળવાનું સંપૂર્ણ નિયંત્રિત હતું.

સવારમાં નાસ્તા અને સમાચાર વાંચન બાદ, કેટલીક પળો હતી જેમાં માસ્ટર બહાર આવીને તડકે બેસતા હતા અને બહેન એલીઝાબેથ તેમને બાબુજી મહારાજના પત્રો અને લેખો વાંચી સંભળાવતા હતા. તેણી મિશનના નવા પ્રકાશન માટે આ બધું સંકલિત કરી રહી હતી. જ્યારે તેઓ બહાર સૂર્યના તડકામાં બેસવા આવતા ત્યારે માસ્ટર સામાન્યતઃ તદ્દન થાકેલા અને નિંદ્રાવસ્થામાં જણાતા હતા, પણ જ્યારે બહેન એલીઝાબેથ બાબુજીનું સાહિત્ય વાંચવાનું શરૂ કરતાં, તેવા જ તેઓ સાંભળવામાં મશગૂલ થઈ જતા હતા. બધા જ અભ્યાસીઓ તેમની આસપાસ પોતાની આંખો બંધ રાખીને બેસી રહેતા, અને સંપૂર્ણ શાંતિનું વાતાવરણ પ્રવર્તતું હતું. ત્યારે માસ્ટર આનંદિત જણાતા હતા અને તેમના કક્ષમાં પાછા ફરતાં જ તેઓ અભ્યાસીઓને મળતા. માસ્ટર માટે, તેમના નિયમિત નિત્યક્રમમાં, આ અત્યંત આવકારદાયક બદલાવ હતો અને તેઓ ખરેખર તેને માણતા હતા.





## આફ્રીકન પરિસંવાદ—“સાથે રહીને”

**13–21 ઓગસ્ટ, 2014.**

ફ્રેંન્ચ ભાષા બોલતા આફ્રીકન દેશો અંગોલા, કેમેરોન, કોન્ગો (બ્રાઝાવિલે), આવરી કોસ્ટના અને ગાબન દેશોના બાર અભ્યાસીઓ માટે, મણાપાક્કમ ખાતે એક અઠવાડિયાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદ દરમ્યાન, “સાથે મળીને રહેવાની” અગત્યતા અને જરૂરીયાત ઉપર ભાર મુકતા વ્હિસ્પર્સના સંદેશાની અલગ તારવેલી વાંચન સામગ્રી ઉપર અભ્યાસીઓ દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવતી હતી. આવરી કોસ્ટના એક અભ્યાસી બહેનને અને અંગોલાના એક અભ્યાસી ભાઈને માસ્ટર દ્વારા પ્રશિક્ષક બનાવવામાં આવ્યા.

પરિસંવાદના સમાપનના આગલા દિવસે, માસ્ટરે કુટીરમાં બધા જ સહભાગીઓનું સ્વાગત કર્યું, અને તેઓને ધ્યાનની બેઠક આપી, જે અત્યંત ઊંડી અને ગહન હતી. કમલેશભાઈ સાથે એક પ્રશ્નોત્તરી સત્ર હતું અને તે સાધનાના વિવિધ પાસાઓની અગત્યતા ઉપર આંખો ખોલનારું અને અત્યંત દિલચસ્પ પણ હતું. જ્યારે તેમણે પોતાનું પ્રવચન પૂરું કર્યું, ત્યારે અભ્યાસીઓ ઊંડી આધ્યાત્મિક અવસ્થામાં ડૂબી ગયા હતા.

## ઓનમની ઉજવણી.

**6–8 સપ્ટેમ્બર, 2014.**

કેરાલામાંથી આશરે 350 અભ્યાસીઓ કેરાલાના તહેવાર, ઓનમને, માસ્ટર સાથે ઉજવવા મણાપાક્કમ આવ્યા હતા. ‘થીરુવોનમ’ના દિવસે, (7 સપ્ટેમ્બર) અભ્યાસીઓએ ભેગા મળીને માસ્ટરની કુટીર સામેના દરવાજા ઉપર, પૂક્કલમ (પુષ્પોની ગોઠવણી) કરી. માસ્ટર તે જોવા બહાર આવ્યા અને તહેવારના પ્રસંગે અભ્યાસીઓને શુભેચ્છાઓ પાઠવી. અભ્યાસીઓને સંબોધતાં તેમણે સંસ્કૃતિ, ભાષા, અને ધર્મના કોઈ પણ ભેદભાવ વિના એકતા અને સંવાદિતતાની જરૂરીયાત વિષે જણાવ્યું અને બધાંને ઓનમની શુભકામનાઓ પાઠવી. સ્વયંસેવકોએ આશ્રમના રસોડામાં ઓનમની મિજબાની તૈયાર કરી હતી અને તે રવિવારના દિવસે સત્સંગમાં હાજર, આશરે 3000 જેટલા અભ્યાસીઓને પીરસવામાં આવી હતી. સાંજે, અભ્યાસી બહેનોએ ધ્યાનકક્ષમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો, જેને માસ્ટરે કુટીરમાં પડદા પર જોઈને માણ્યો હતો. 8મી તારીખે, બીજો પૂક્કલમ બનાવવામાં આવ્યો હતો અને માસ્ટર તેને જોવા બહાર આવ્યા હતા અને કેરાલાથી આવેલા અભ્યાસીઓ સાથે કુટીરમાં વાતચીત કરી હતી.

## તામિલનાડુ અને કર્ણાટકના પ્રશિક્ષકોનો પરિસંવાદ

**23–27 સપ્ટેમ્બર 2014.**

આશરે 400 પ્રશિક્ષકોએ મણાપાક્કમ ખાતેના પાંચ દિવસીય પરિસંવાદમાં ભાગ લીધો હતો. કમલેશભાઈ દરરોજ સવારે 9:00 કલાકે સત્સંગનું સંચાલન કરતા હતા અને તેમણે 4 દિવસ પ્રશિક્ષકોને સંબોધન કર્યું હતું અને પ્રશિક્ષકો દ્વારા પૂછવામાં આવેલા કેટલાક અગત્યના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. માસ્ટરે ત્રીજા દિવસે પ્રશિક્ષકોને પરિસંવાદના વિષયવસ્તુ ‘નમ્રતા’ ઉપર પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું કે અંદરથી અને બહારથી એક સરખા હોવું, અને પોતાની જાત પ્રત્યે સાચા હોવું, તે જ નમ્રતાનો અર્થ છે. તેમણે જણાવ્યું કે તેઓ પોતાની પ્રશિક્ષકની, વરીષ્ઠ પ્રશિક્ષકની, મંત્રીની અથવા મિશનના પ્રમુખની ભૂમિકા માટે ક્યારેય ચિંતિત ન હતા, તેમના માટે બાબુજી મહારાજના માત્ર શિષ્ય હોવું જ પૂરતું હતું, તેમની જીંદગી માત્ર મીશનના કામ ઉપર કેન્દ્રિત હતી, અને જીંદગીમાં સૌથી મોટી ખુશી તે રીતે કામ કરવાથી મળતી હતી કે જ્યારે કોઈ બાબુજી મહારાજને મળવા જાય, ત્યારે તેમના મુખ ઉપર જે સ્મિત ફરકતું, તે જ માસ્ટર માટે સૌથી મોટી બક્ષીસ હતી.

માસ્ટર પરિસંવાદ દરમ્યાન, પ્રશિક્ષકો સાથે રહી ન શક્યા હોવા છતાં તેઓ દિવસ દરમ્યાનની કાર્યવાહીને સમજવા માટે આયોજકો પાસેથી તાજી માહિતી મેળવતા હતા. અનૌપચારિક વાતચીત દરમ્યાન માસ્ટરે









કહ્યું કે પ્રશિક્ષકો માટે ઉદારહણરૂપ બનવું જરૂરી છે. તેમણે કહ્યું "માસ્ટરને હૃદયની અંદર લઈ જાવ અને તેમના શિક્ષણને બહાર દર્શાવો." આપણા બધાને વિચારવા માટે અને અમલમાં મુકવાને માટેનું એક ગહન વિધાન.

નવા જોડાયેલા અભ્યાસીને મિશનમાં કાયમ ટકાવી રાખવામાં પ્રશિક્ષકની વર્તણૂંક કઈ રીતે ભાગ ભજવે છે, તે બાબત પર કમલેશભાઈએ ઉદ્‌ઘાટન પ્રવચનમાં ભાર મૂક્યો હતો. બીજા દિવસોએ, કમલેશભાઈએ અભ્યાસીની આધ્યાત્મિક હાલત કેવી રીતે વાંચવી, વ્હિસ્પર્સની અગત્યતા અને અભ્યાસીઓને તેમની નિયમિત અને તીવ્ર સાધના દ્વારા વર્તમાન સમયમાં દુનિયાને બદલવા માટેની તેમની ભૂમિકા કેવી હોવી જોઈએ તે વિષે સમજાવ્યું હતું. તેઓ સ્વીકૃતી વિષે પણ બોલ્યા અને સમજાવ્યં કે નમ્રતા, વફાદારી અને નિષ્ઠા, સ્વીકૃતીમાં કેવી રીતે મદદ કરે છે, પરંતુ કમનસીબે, આપણે પૂર્વાગ્રહો, ઘૃણા વગેરેનો ભારે બોજ સાથે રાખતા હોઈએ છીએ. આપણે બધાએ સહન કરતાં શીખવું પડશે અને આ જ બાબત સ્વીકૃતી તરફ દોરી જશે.

જે પ્રશિક્ષકો માત્ર તેમની માતૃભાષા જ જાણતા હોય, તેમના માટે, માસ્ટર અને કમલેશભાઈ દ્વારા અપાયેલા બધા પ્રવચનોનું ભાષાંતર તમિલ અને કન્નડ ભાષામાં કરાયું હતું. તેઓએ સમૂહ ચર્ચા, વ્યકતિગત બેઠકનું આદાન-પ્રદાન અને વિવિધ પ્રકારના સ્વયંસેવાના કાર્યો કર્યા હતા, જેણે દરેક સહભાગીને, સમૂહમાં કામ કરવું કેટલું આનંદદાયક છે તે શિખવ્યું હતું.

## ઓક્ટોબર 2014

### ચાઈનીઝ પરિસંવાદ

**2-6 ઓક્ટોબર, 2014**

મણાપાક્કમ ખાતેના આ પરિસંવાદમાં ચીનના 113, ટર્કીના 3 અને દક્ષિણ આફ્રીકાના 16 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. પરિસંવાદ દરમ્યાન, કમલેશભાઈએ ત્રણ દિવસ સંબોધન કર્યું હતું અને સાથોસાથ 5મી ઓક્ટોબરે પ્રશ્નોત્તરીના સત્રનું આયોજન પણ કર્યું હતું. દરેક ભાગ લેનાર દ્વારા આ પ્રેરક સત્રોની હૃદયપૂર્વક કદર કરવામાં આવી હતી અને બધાએ તેનો આનંદ ઉઠાવ્યો હતો. આ પ્રસંગ દરમ્યાન તેમણે ચાઈનીઝ અને દક્ષિણ આફ્રીકાના પ્રશિક્ષકો સાથે બે વાર મીટીંગ પણ કરી હતી અને તેમાં જરૂરી મૂલ્યવાન બાબતોને ચર્ચવામાં આવી હતી અને તેનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

છેલ્લા દિવસે, ચાઈનીઝ અભ્યાસીઓ દ્વારા તૈયાર કરાયેલા ચાઈનીઝ રાત્રી ભોજનને દરેકે પુસ્તકાલયની અગાસી ઉપર માણ્યું હતું, જેમાં કમલેશભાઈને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. સાંજના સત્સંગ બાદ, અભ્યાસીઓ કુટીરના બગીચામાં માસ્ટર સાથે કેટલોક શાંત સમય ગાળી શક્યા હતા. પાંચ દિવસના પરિસંવાદ બાદ, 7થી 11 ઓક્ટોબર દરમ્યાન 65 ચાઈનીઝ અભ્યાસીઓએ સત્ખોલ હિમાલય આશ્રમની મુલાકાત લીધી હતી.








**વી.જી.ટી.એમ. ક્ષેત્રીય આશ્રમ, આંન્ધ્રપ્રદેશ. પહેલી જન્મજયંતીની ઉજવણી**

આ ક્ષેત્રના અભ્યાસીઓ દ્વારા રવિવાર, 7મી સપ્ટેમબરના આ રોજ આ ઉત્સવ ખૂબ જ ઉત્સાહ અને જોશથી ઉજવવામાં આવ્યો હતો. જેને લઘુ ભંડારા કહી શકાય તેવા આ કાર્યક્રમમાં, પાંચ કેન્દ્રો અને 20 ઉપકેન્દ્રોનું પ્રતિનિધિત્વ કરતા લગભગ 1000 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગ દરમિયાન ત્રણ સત્સંગ અને કેટલાક પ્રવચનો હતા. પ્રેમ અને ભક્તિના સંદેશા આપતી નાટિકા, ગુન્ટુર અને વિજયવાડા કેન્દ્રના બાળકો દ્વારા કૃષ્ણ અને ગોપીઓને દર્શાવતાં નૃત્ય અને અભ્યાસીઓ દ્વારા ગવાયેલા ઉર્મિલ કાવ્યો અને ગીતોએ સહભાગીઓના હૃદયોને દિવ્ય ઝળહળાટથી ભરી દીધા.

**સહજ માર્ગ ઉપર પ્રશ્નોત્તરી, નવસારી, ગુજરાત.**

5મી ઓક્ટોબર 2014ના રોજ નવસારી કેન્દ્રએ સહજ માર્ગ ઉપર પ્રશ્નોત્તરીનું આયોજન કર્યું હતું. તે ભારતના અતિ પ્રખ્યાત ટીવી કાર્યક્રમ "કૌન બનેગા કરોડપતિ" ઢબનો બનાવવામાં આવ્યો હતો. આ વિચાર અભ્યાસીઓમાં ધગશ લાવવા માટે હતો અને તેનું પરિણામ અત્યંત નવીન પ્રકારનું અને આકર્ષક પ્રશ્નોત્તરીની શૈલીનું હતું. એક અભ્યાસી ભાઈએ કોમ્પ્યુટર પ્રોગ્રામ બનાવ્યો હતો અને બધા સવાલો મિશન અને સહજ માર્ગ સાધના ઉપર આધારિત હતા. જેમણે રસ દાખવ્યો હતો તેવા અભ્યાસીઓમાંથી નવ અભ્યાસીઓને પસંદ કરવામાં આવ્યા હતા. કુલ 13 સવાલો પૂછવામાં આવ્યા હતા. પ્રશ્નોત્તરી દરમ્યાન હાજર રહેલા દરેકે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મિશનના પુસ્તકો, માસ્ટરની તસવીરો અને મિશનની સીડી/ડીવીડી ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા.




**સેવા માટે તૈયાર, નાંદયાલ આશ્રમ, આંન્ધ્રપ્રદેશ**

આ ક્ષેત્રમાં કામ કરતા લગભગ 170 સ્વયંસેવકો માટે, 12થી 14 સપ્ટેમ્બર દરમ્યાન, ત્રણ દિવસના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બધા સહભાગીઓને બધી જ રીતે તૈયાર એક સૂત્રધાર દ્વારા એક મહિનાથી તૈયાર કરવામાં આવ્યા હતા. કમલેશભાઈના સતત પ્રેમાળ માર્ગદર્શન હેઠળ, ભાઈ ગંગાધર (ઝેડ.આઈ.સી.) અને તેમની સાથેના પંદર સભ્યોની ટીમે કાર્યક્રમને આયોજીત કર્યો હતો. પ્રેમ, સેવા અને એકતા, ધ્યાન કેંન્દ્રિત કરવાના ચાવીરૂપ મુદ્દા હતા. વ્હિસ્પર્સના સંદેશાઓ, ડીવીડીમાંથી લીધેલી માસ્ટરના પ્રવચનોની તાજેતરની ઝલકો વેગેરે દ્વારા પોતાની અંદર, આ મુખ્ય મુદ્દાઓની ઓળખ અને વિકાસને ખંતપૂર્વક બહાર લવાચા હતા.

દરેક દિવસની શરૂઆત સત્સંગ અને તેને અનુસરતા 10 મીનીટ્ના મૌન અને ડીવીડીમાંથી લીધેલી ઝલકોથી થતી હતી. ત્યાર બાદ, વિવિધ સત્રો રાખવામાં આવ્યા હતા. દરેક સત્રમાં તેને અનુરૂપ વ્હિસ્પર્સના સંદેશાનું વાંચન કરવામાં આવતું હતું. સહભાગીઓને તેમના ઉપર તેના સ્પંદનોની અસરને અનુભવવા માટે અને તેમની લાગણીઓ અને અનુભવોને નોંધવા માટે કહેવામાં આવતું હતું. તેમણે પોતાની આંતરીક હાલતમાં થઈ રહેલા સ્થિર બદલાવોને નિહાળ્યા હતા.

"સ્લાઈસીસ ઓફ ઈટરનીટી" ની વિડિયો અને કોઈ વ્યક્તિ કેવી રીતે તફાવત પાડી શકે છે, તેની ઉપરની પ્રેરણાત્મક વિડિયો દર્શાવવામાં આવી હતી. માસ્ટર જે કહે છે તેને અનુરૂપ આ હતું કે, "એક ચકલી ઉનાળાને બનાવી શકે છે અને એક વ્યક્તિ તફાવત પાડી શકે છે." કાર્યક્રમ બાદ, દરરોજ પ્રશિક્ષકોની મીટીંગ અને યુવાઓની મીટીંગ રાખવામાં આવતી હતી.

જે બહાર લાવવામાં આવ્યો તે અગત્યનો મુદ્દો, આપણા માસ્ટરે આપેલી સેવાનો હતો, જેઓ માનવ જાતની સેવામાં પોતાની જાતને પણ ભૂલી જાય છે અને માત્ર તેમના માસ્ટર વિષે વિચારે છે અને આપણે તેમની નકલ ત્યારે જ કરી શકીએ કે જ્યારે કોઈ પણ કાર્ય કરતાં આપણે તેમને આપણી સમક્ષ રાખીએ.

અઠવાડિયા બાદ પ્રતિસાદ લેવામાં આવ્યો હતો. અભ્યાસીઓ માસ્ટરના પ્રેમથી ભરાઈ ગયા હતા અને કેંન્દ્ર ખાતે તેમના કાર્ય દરમ્યાન, પોતાની સાધના અને પ્રેમ સાથે સેવાની ભાવનાને વધારે ઊંડી કરવાને પ્રોત્સાહિત થયા હતા.

## પ્રશિક્ષકોની મીટીંગ

### ઉત્તરાખંડ



30મી અને 31મી ઓગસ્ટ દરમિયાન સત્ખોલના હિમાલય આશ્રમ ખાતે ઝોન 18 (ઉત્તરાખંડ)ના ઝેડ.આઈ.સી દ્વારા બધા સી.આઈ.સીઓ અને પ્રશિક્ષકો માટેના બે દિવસના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અઢાર સહભાગીઓ અત્યંત અનૌપચારીક વાતાવરણમાં ભેગા થયા હતા અને તેમના કેન્દ્રોમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન, હૃદયપૂર્વક તાત્કાલીક કાર્ય કેવી રીતે કરવું તેની સ્પષ્ટતાથી થયું હતું. એક અદભૂત એકતાની ભાવના પ્રવર્તતી હતી.

### કાકીનાડા, આંન્ધ્રપ્રદેશ.

13મી સપ્ટેમ્બરે કાકીનાડા આશ્રમ ખાતે એપી–1બીના 25 પ્રશિક્ષકોની મીટીંગ રાખવામાં આવી હતી. સવારના 9:00 વાગ્યાના સત્સંગ બાદ, ઝેડ.આઈ.સીએ સંમેલનને સંબોધિત કર્યું હતું અને કમલેશભાઈ સાથે વાતચીતના મુખ્ય મુદ્દાઓ જણાવ્યા હતા. વિવિધ વિષયો, જેવા કે સીટીંગ કેવી રીતે આપવી, અભ્યાસીની આંતરીક હાલતને કેવી રીતે વાંચવી, સીટીંગ આપતી વખતે કરવામાં આવતા સૂચનની ભૂમિકા શું છે, પ્રશિક્ષકનું ચારિત્ર્ય અને વ્હિસ્પર્સના મહત્વને ચર્ચવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સમાપન, કાકીનાડા આશ્રમથી આશરે 22 કી.મી. દૂર આવેલા અમરાવીલ્લી આશ્રમ ખાતે સત્સંગ બાદ, બપોરના ભોજન પછી કરવામાં આવ્યું હતું. પછીની મીટીંગ અકક નગર, વિશાખાપટનમ જીલ્લા ખાતે 13મી ડીસેમ્બરે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.



### ઝેડ.આઈ.સીની ભીલવારા રાજસ્થાન પૂર્વ ખાતે મુલાકાત

ઝોન 7બીના ઝેડ.આઈ.સી ડો. મધુકર કોચરે પ્રશિક્ષક પુરણમલ સાથે 28મી સપ્ટેમ્બરે ભીલવારાની મુલાકાત લીધી હતી. હાજર રહેલા બધાને સંબોધતાં, ભાઈ કોચરે તેમણે વિતાવેલી કેટલીક યાદગાર પળોની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે માસ્ટરનું કાર્ય, અભ્યાસી મિશનમાં જોડાય તે પહેલા શરૂ થઈ જતું હોય છે અને તે માસ્ટર છે કે જેઓ આપણને મિશનમાં લાવે છે. તેમણે સવાલોને અથવા સ્પષ્ટિકરણને આવકાર્યા હતા અને તે ટિપ્પણી સાથે સમાપન કર્યું હતું કે કોઈ પ્રશ્નો ન હોવા તે સારી આધ્યાત્મિક હાલતની નીશાની છે. બ્રન્ચ પછી, ભાઈ કોચરે ભીલવારા ખાતેના હાલના ધ્યાનકક્ષથી આશરે 5 કી.મી. દૂર, સૂચિત આશ્રમ માટેની જમીનની મુલાકાત લીધી હતી. ત્યાં વિતાવેલા અર્ધા કલાક દરમ્યાન તેમણે જમીન વિષે વિગતવાર ચર્ચા કરી હતી અને કઈ ઔપચારિકતા હજી પૂરી કરવાની બાકી છે તે વિશે પૂછપરછ કરી હતી. તેમની ભીલવારાની મુલાકાતે અભ્યાસીઓને મિશન માટે સતત કામ કરવાને પ્રેર્યા હતા.

### નવરાત્રીની ઉજવણી, વડોદરા, ગુજરાત.

5મી ઓક્ટોબરે વડોદરામાં આશરે 50 યુવાઓ અને બાળકોએ પરંપરાગત પોષાકમાં નવરાત્રીની ઉજવણી કરી હતી. સત્સંગ બાદ, લગભગ દોઢ કલાક સુધી બાળકોએ ઉલ્લાસપૂર્વક, પ્રેમ અને ભાઈચારા સાથે ગરબા કર્યા હતા કારણકે તેઓ આ ભક્તિભર્યું નૃત્ય માસ્ટરને સમર્પિત કરી રહ્યા હતા. બાળકોના જોશને જોઈને મોટા અભ્યાસીઓ પણ ગરબામાં જોડાયા હતા. હળવા નાસ્તા બાદ બધા છૂટા પડ્યા હતા..





## યુ–કનેકટની શરૂઆત

### આત્મ વિકાસ અભ્યાસક્રમ સિક્કીમ વિશ્વવિદ્યાલય



સીક્કીમ વિશ્વવિદ્યાલયે, એસ.આર.સી.એમ.ના યુ–કનેકટના ઉપક્રમે ‘આધ્યાત્મિકતાના સંદર્ભમાં આત્મ વિકાસ—એક વ્યવસાયીક અભિગમ’ એવો વૈકલ્પિક અભ્યાસક્રમ શરૂ કર્યો છે. યુ–કનિકટની શરૂઆત યુવાઓને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા જીવન જીવવા માટેનો હેતુ પૂરો પાડવા તથા આધ્યાત્મિક લક્ષ્ય ઉપર કેન્દ્રિત નૈતિક ભૌતિક જીવન ધરાવતી સંતુલિત જીંદગી જીવવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે મદદ કરવાના હેતુથી કરવામાં આવી હતી.

અભ્યાસક્રમની રચના એ રીતે કરવામાં આવી છે કે તે વિદ્યાર્થીને આત્મ–નિરીક્ષણ, ચિંતન, અને ધ્યાનના કૌશલ્યો, જેવા ઉચિત મૂલ્યોના વિકાસમાં મદદરૂપ થાય અને તેનામાં આંતરિક પરિવર્તન સહજ રીતે લાવે. અભ્યાસક્રમમાં મૂલ્યોને આવરી લેતા વિષયો, પોતાની જાતને ઓળખવી, યોગ, દિવ્યતાનો ખ્યાલ, વિચારની શક્તિ, ધ્યાનનો મહાવરો, જીંદગી અને જીવવાના સિધ્ધાંતો, ઉત્કૃષ્ટતા, આપણી પસંદગીઓ તથા પ્રેમ સામેલ છે. અભ્યાસક્રમની શરૂઆત, 6ઠી સપ્ટેમ્બરથી ભાઈ હર્ષલ જાવલે (પુણે), મીસાલ મહેતા (કોલકાતા), રવિ તેલંગ(સીક્કીમ) અને બહેન એલીઝાબેથ કીંગ્સનોર્થ (ચેન્નાઈ)ની મદદથી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તરફથી મળેલો પ્રતિસાદ સકારાત્મક અને ઉત્સાહજનક હતો. તેઓએ પોતાની જરૂરીયાત મુજબ, અભ્યાસક્રમને સુધારવામાં મદદ પણ કરી છે.

## શિક્ષક અને સહાયકોની તાલિમની કાર્યશાળા.

### પુલગાવ આશ્રમ, મહારાષ્ટ્ર.

યુ–કનેક્ટ્ના 24 શિક્ષકો અને સહાયકોની તાલિમ કાર્યશાળા પુલગાંવ આશ્રમ ખાતે 17મી અને 18મી ઓગસ્ટ દરમ્યાન આયોજીત કરવામાં આવી હતી. નાગપુર, ચંદ્રપુર, વર્ધા, રાયપુર(છત્તીસગઢ), યવતમાલ, અને પુલગાંવના સ્વયંસેવકોએ આ તાલિમમાં ભાગ લીધા હતો. શ્રીધર થોડાએ(મુંબાઈ) સત્રોનું સંચાલન કર્યું હતું. ચંદ્રપુર કેન્દ્રના સી.આઈ.સી. સુધીર જી. અકોજવારે કાર્યશાળાનું સંકલન કર્યું હતું, અને આર. રાજેન્દ્રન (ઝેડ.આઈ.સી.) તથા પુલગાંવ કેન્દ્રના સ્વયંસેવકોએ કાર્યશાળાને પ્રાયોજીત કરવા ઉત્સાહપૂર્વક કામ કર્યું હતું.



અભ્યાસીઓએ જૂથમાં કામ કર્યું અને ‘બનાવટી સત્રો’ અને સાથોસાથ રમતો અને અન્ય ઈતર પ્રવૃત્તિઓને રજૂ કરી હતી. એક સત્રનું સંચાલન સ્થાનિક મરાઠી ભાષામાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સંચાલિત કરવામાં આવ્યું હતું. સમાપન સત્રમાં માર્ગનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો અને તે માટે, શિક્ષકોએ ઉત્સાહ અભિવ્યકત કર્યો હતો.

### નચીપલાચમ આશ્રમ, કોઈમ્બતોર, તામિલનાડુ.

ત્રણ દિવસીય યુ–કનેકટ તાલિમ કાર્યશાળા, નચીપલાચમ આશ્રમ, કોઈમ્બતોર, ખાતે 15મીથી 17મી ઓગસ્ટ દરમ્યાન રાખવામાં આવી હતી, જેમાં તામિલનાડુના અને કેરાલાના આશરે 100 અભ્યાસીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત બાદ, યુ–કનેકટની ભાવના, સંસ્થાઓનો સંપર્ક કેવી રીતે સાધવો, સંકલનકારો, શિક્ષકો, અને સહાયકોની ભૂમિકા અને જવાબદારીઓ, ઉપરના ચેન્નાઈના ભાઈ શ્રીરામ અને કૃષ્ણનના સત્રો હતાં. તેમણે બનાવટી સત્રનું પણ સંચાલન કર્યું હતું. સહભાગીઓને 12 જૂથમાં વહેંચી દેવામાં આવ્યા હતાં અને દરેકને યુ–કનેકટના અભ્યાસક્રમમાંથી એક પ્રકરણ સોંપવામાં આવ્યું હતું.

બીજા અને ત્રીજા દિવસે, દરેક જૂથે અલગ અલગ વિષયો ઉપર બનાવટી સત્રને રજૂ કર્યું. કાર્યક્રમનું સમાપન, પ્રતિસાદ સત્રથી અને કાર્યલક્ષી યોજના નક્કી કરીને કરવામાં આવ્યું હતું. આ તાલિમ કાર્યક્રમે સહભાગીઓને કોલેજમાં સત્રોને સંભાળવા માટે, જરૂરી હિંમત અને યોગ્યતા આપ્યા હતા.



આ કાર્યક્રમને તમારા કેન્દ્રમાં કેવી રીતે શરૂ કરવો તે માટે uconnect@srcm.org ઈ–મેઈલ કરશો અથવા તમારા ઝેડ. આઈ.સી.નો સંપર્ક કરવો.

## યુવા કાર્યક્રમો

**ત્રીચી, તામિલનાડુ.**



16મી અને 17મી ઓગસ્ટ દરમ્યાન ત્રીચી ખાતે ઝોન 2b ના 18થી 35 વર્ષની વયની વચ્ચેના 47 અભ્યાસીઓ માટે બે દિવસીય સત્ર આયોજીત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં, નિસર્ગોપચાર પધ્ધતિ, સ્વયંની ખોજ, સમૂહકામ, નેતૃત્વ અને પોતાની જાતને સજ્જ કરવી, જેવા સમૃધ્ધ સત્રો સામેલ હતા. રસોડાના સ્વયંસેવકોએ અગ્નિ વિના ખોરાક તૈયાર કર્યો હતો.



બીજા એવા પણ સત્રો હતા, જેમાં યુવાઓ માટે ધ્યાન અને સહજ માર્ગની સાધનાની અગત્યતા વિષે પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. પ્રવચનોએ તેમનામાં જોશ પૂર્યો હતો, હિંમત સાથે આગળ વધવાના દ્રઢનિશ્ચયને મજબૂત કર્યો હતો, જેને માસ્ટર કહે છે, 'અંદરના સિંહ'ને ગર્જના કરવા દો.

**બેંગલોર કર્ણાટક.**

21મી સપ્ટેમ્બરે બાનશંકરી આશ્રમ ખાતે, બેંગ્લોરના 35 યુવાઓ 'કોમ્યુનીકેશન'ના એક દિવસીય કાર્યક્રમ માટે એકત્રિત થયા હતા. આત્મા સાથેના તથા બીજાઓ સાથેના સંદેશા વ્યવહારની ભૂમિકા, બીજાને સાંભળવાની ભૂમિકા, બીજાઓ સાથે સહજ માર્ગ વિષે કેવી રીતે વાતચીત કરી, તે વિષયો ઉપરની અગત્યતાને બહાર લાવવી, તે આ સત્રનો હેતુ હતો. દરેક સત્રોમાં વધારે સ્પષ્ટતા માટે, વિષય ઉપરના માસ્ટરના પ્રવચનોના વીડીઓ દર્શાવવામાં આવ્યા હતા.

'આત્મા સાથે વાતચીત' વિષયના ભાગ રૂપે, દરેકને ચિંતન કરવા માટે, અને તેની ઉપર ધ્યાન ધરવા માટે, વ્હિસ્પર્સ સંદેશા આપવામાં આવ્યા હતા. પોતાના વિચારોને અને લાગણીઓને પોતાના સહભાગી સાથે આપ-લે કરવા જણાવાયું હતું. 'ફ્લીપીંગ ધ સ્વીચ' રમતે વિવિધ પરિસ્થિતિને અને વાતાવરણને અનુરૂપ અલગ અલગ પ્રકારના સંદેશા વ્યવહારને તપાસ્યા હતા. બીજી એક રમતે એક સારા સાંભળનાર તરીકેના કૌશલ્યને અને અગત્યતાને દર્શાવ્યા હતા. દરેક જૂથને ખાસ પ્રકારના શ્રોતાગણ માટેના માસ્ટર દ્વારા પ્રસ્તુત પ્રવચન વાંચવા માટે આપવામાં આવ્યા. ચર્ચા કર્યા બાદ, દરેક જૂથમાંથી એક વ્યક્તિએ જૂથના વિચારો દર્શાવ્યા. ત્યારબાદ, 'ઓહ' રમત, તે દર્શાવવા માટે, રમાડવામાં આવી કે તે જ શબ્દ અલગ અલગ ઉચ્ચરણોથી અને ચહેરાના હાવભાવો દ્વારા બોલવાથી તેનો અર્થ કેવી રીતે બદલાઈ શકે છે.

સહભાગીઓને, સહજ માર્ગના બુનિયાદી તત્વજ્ઞાનને સમજવા માટે, "અચૂક વાંચવાને લાયક" પુસ્તકોની યાદી આપવામાં આવી. રવિવારે પોતાનું સ્વયંસેવાનું કામ પુરું કર્યા પછી મુક્ત હોય તેઓ ભેગા મળીને અર્ધા કલાક માટે આ પુસ્તકોનું વાંચન કરે એવું સૂચવવામાં આવ્યું હતું.

## નિબંધ મુલ્યાંકન કાર્યશાળા

તાજેતરમાં સમાપન પામેલી 'નિબંધ સ્પર્ધા 2014' માટે નિબંધોના મુલ્યાંકન કરવા માટેની કાર્યશાળાનું સંચાલન ક્ષેત્રીય સ્તરે કરવામાં આવ્યું હતું.

**ભોપાલ. મધ્ય પ્રદેશ. ઝોન 8A**

કાર્યશાળાનો હેતુ મુલ્યાંકન કરવા માટેની માર્ગદર્શિકાઓ માટે જાગૃતિ પેદા કરવાનો હતો. થોડા પ્રવચનો બાદ, દરેકને એક પ્રશ્નાવલિ પૂરી કરવા માટે કહેવામાં આવ્યું હતું, જેણે ઘણી શંકાઓના નિવારણમાં મદદ કરી હતી. દરેક સહભાગીને એક નિબંધનો નમૂનો મુલ્યાંકન કરવા માટે આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ, મુલ્યાંકન માટેના માપદંડ અને પધ્ધતિને પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. તેઓ જે શિખ્યા છે તેના આધારે, તે જ નિબંધનું ફરીથી મુલ્યાંકન કરવા માટે સહભાગીઓને કહેવામાં આવ્યું હતું. કાર્યશાળાનું સમાપન જાહેર વક્તવ્ય અને સહાયકોના પ્રતિસાદ થકી કરવામાં આવ્યું હતું. સહાયકો: સુદર્શન સીંઘ (બહેરી કેંન્દ્ર), ડો. રાજીવ કુમાર(આગ્રા કેંન્દ્ર ), અને વિનોદ કુમાર(સીતાપુર કેન્દ્ર).

**ગાઝીયાબાદ, ઉત્તર પ્રદેશ, (ઝોન 12A)**

27મી અને 28મી સપ્ટેમ્બરે, 700માંથી 450 નિબંધોની એન્ટ્રીઓની પ્રારંભિક તપાસ બાદ, આશરે 40 નિબંધોને અલગ તારવીને, મણાપાક્કમ ચેન્નાઈ, વિશ્વ મુખ્યાલયને મોકલી આપવામાં આવ્યા હતા. આસપાસના કેન્દ્રોના આશરે પચાસ અભ્યાસીઓ મૂલ્યાંકન માટે હાજર રહ્યા હતા.





## પોતાની સાધનાને નિયમિત બનાવવી

### ગુરગાંવ, દીલ્હી.

ઝોનલ આશ્રમ દીલ્હી ખાતે દરેક રવિવારે સવારે ‘જોશપૂર્વકની સાધના’ વિષય ઉપર હિંદીમાં સત્રોનું સંચાલન કરવામાં આવે છે. ઓગસ્ટમાં શરૂ થયેલા આ ત્રણ કલાકના સત્રો, પછી ફરીથી ધ્યાનની બેઠક રાખવામાં આવે છે. અત્યાર સુધીમાં નિમ્નલિખિત વિષયોને આવરી લેવામાં આવ્યા છે: સહજ માર્ગ સાધનાની પાયાની બાબતો, ગુરુ, ભાઈચારો, રોજનીશિ લેખન, સફાઈ અને ચારિત્ર્ય નિર્માણના સાધનો. દસ નિયમોને ઓક્ટોબરમાં આવરી લેવામાં આવશે. આ સત્રોનો હેતુ આભ્યાસીઓને તેમની પાયાની સાધનામાં પ્રોત્સાહન આપવાનો છે. આ સત્રોએ પધ્ધતિ ઉપર સ્પષ્ટતા પૂરી પાડી છે અને અભ્યાસીઓને નિખાલસ થવામાં, અસરકારક રીતે વાતચીત કરવામાં અને ભાઈચારાને અનુભવવામાં મદદ કરી છે.

### ઓન્ગોલ, આંન્ધ્ર પ્રદેશ.



અભ્યાસને નિયમિત બનાવવાના પ્રયત્નરૂપે, 28મી સપ્ટેમ્બરથી 4થી ઓક્ટોબર સુધીના સાત દિવસના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. તેમાં 18 અભ્યાસીઓએ હાજરી આપી હતી. સતત સ્મરણ સહિતના સાધનાના તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યાં હતાં અને તે ઉપરાંત દસ નિયમોને, ડીવીડી અને પ્રેઝન્ટેશનને પણ ઝીણવટભરી રીતે આવરી લેવામાં આવ્યા હતા. ભાઈ એમ. ભાસ્કરે (સીઆઈસી) સમગ્ર કાર્યક્રમમાં ભાગ લીધો અને અભ્યાસીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### કરુમથમપટ્ટી, તામિલ નાડુ, પશ્ચિમ.

કોઈમ્બતુરથી 20 કી.મી. દૂર આવેલા કરુમથમપટ્ટી કેન્દ્રના ત્રીસ



અભ્યાસીઓએ ‘અનુભવની આપ–લે’ વિષય ઉપર બહેન એ.કે.મુથુલક્ષ્મી દ્વારા આયોજીત કરવામાં સત્રમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ સહજ માર્ગને અનુસર્યા બાદ, પોતાની અંદર નિહાળવામાં આવેલા બદલાવો ઉપર કેન્દ્રિત થયેલો હતો. અભ્યાસીઓ દ્વારા દર્શાવવામાં આવેલી ગુણવત્તા નીચે મુજબ હતી. પ્રેમનો વિકાસ, માસ્ટર પ્રત્યે શ્રધ્ધા, ગુસ્સામાં અને ઈર્ષાની લાગણીમાં ઘટાડો, સહિષ્ણુતા, ધૈર્ય, આત્મવિશ્વાસ, સાદાઈ અને ભાઈચારામાં વધારો. દરેકના અનુભવોને સાંભળવું રસપ્રદ હતું. બધા જ અભ્યાસીઓને કાર્યક્રમમાં મઝા આવી હતી.

### ગુલબર્ગા, કર્ણાટક.



આશ્રમમાં 6ઠી અને 7મી સપ્ટેમ્બર દરમ્યાન “મિશનનું સાહિત્ય વાંચવાની અગત્યતા’ વિષય ઉપર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુલબર્ગા, બીડર, હુમ્નાબાદ, ચાંગલર, ચીતાપુર, સેદમ, ચિંચોલી, શોરપુર, ગોગી અને બીજા કેન્દ્રોના લગભગ 150 અભ્યાસીઓ હાજર રહ્યા હતા. સવારના સત્સંગ બાદ, ઘણા ઉદાહરણો દ્વારા, ગ્રાફીક રજૂઆત દ્વારા અને માસ્ટરના પ્રવચનોની દ્રશ્ય–શ્રાવ્ય સીડીની સહાયથી વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. સત્રોનું સમાપન, સાંજના સત્સંગથી કરવામાં આવ્યું હતું. બધાજ અભ્યાસીઓએ કાર્યક્રમથી થયેલા ફાયદાને અને આનંદને અભિવ્યક્ય કર્યો હતો.

### ત્રીચી, તામિલનાડુ, પૂર્વ.

14મી સપ્ટેમ્બરે ઝોન 2b નું એક દિવસીય સંમેલન, વીલ્લુપુરમ, ત્રીચી અને તાન્જોર કેન્દ્રોના અભ્યાસીઓ માટે રાખવામાં આવ્યું હતું. આ દરેક કેન્દ્રો દર 3–4 મહિને ભાઈચારાને વધારવા માટે એક દિવસની મીટીંગનું આયોજન કરે છે. પરિસંવાદનો વિષય ‘લક્ષ્ય તરફ પહોંચવું’ હતો. દરેક કેન્દ્રના અભ્યાસીઓ, સહિષ્ણુતા, સંકલ્પ, શરણાગતિ, સેવા, આજ્ઞાપાલન, શ્રધ્ધા અને વિશ્વાસ, સહયોગ, ભાઈચારો અને પ્રેમ સહિતના વિષયોની તૈયારી સાથે આવ્યા હતા. દિવસની શરૂઆત બાળકોના અને યુવાઓના સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી હતી. વિષયોના સત્રો બાદ, સાંજના સત્સંગથી દિવસનું સમાપન કરવામાં આવ્યું હતું.

**કુડ્ડાલોર, ટીએન, પૂર્વ**



ધ્યાનકક્ષ એસ.એમ.એસ.એફ.ને દાનમાં આપ્યા પછીનો આ સૌથી પહેલો મોટો પ્રસંગ હતો. સહજ માર્ગના મૂળભૂત તત્વો ઉપર સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. ત્યાર બાદ 'સાક્ષાત્કાર' ઉપર પ્રવચન હતું. 'ઈન્ડીઆ ઈન વેસ્ટ' ડીવીડીને દર્શાવવામાં આવી હતી. કુડ્ડાલોરના બે અભ્યાસીઓએ ભાઈ પ્રશાંત વાસુના 'એટ ધ ફીટ ઓફ માસ્ટર–બીકમીંગ ઓફ ડીસાઈપલ' પુસ્તક ઉપર રજૂઆત કરી હતી.

**વડોદરા, ગુજરાત**



વડોદરા શહેરને સાત વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે, દરેક વિભાગને તેના સ્વયંસેવકોની ટીમ સાથે પ્રવૃત્તિની જવાબદારીઓ સોંપવામાં આવી છે. સાધનાની ગુણવત્તા સુધારવા ગૃહ સંમેલનો, ઓપન હાઉસીસ, વગેરે રાખવામાં આવે છે. 13મી સપ્ટેમ્બરે મકરપુરા અને માંજલપુરના આશરે 45 અભ્યાસીઓ, જીંદગીનું લક્ષ્ય' વિષય ઉપરની કાર્યશાળા માટે, એકત્રિત થયા હતા. સત્સંગ બાદ, અભ્યાસીઓને તેમની જીંદગીના લક્ષ્યને તેમની ડાયરીમાં લખવા માટે વિનંતી કરવામાં આવી હતી, અને ત્યાર બાદ ચિંતન માટે ત્રણ સવાલો આપવામાં આવ્યા હતા. 'રીયાલીટી એટ ડોન' પુસ્તકના 'જીવનનું લક્ષ્ય; પ્રકરણના કેટલાક ફકરાઓના વાંચનને સાંભળ્યા બાદ, સહભાગીઓને નાના જૂથોમાં વહેંચી દેવામાં આવ્યા હતા અને પોતાની સમજ વિષે આપ–લે કરવા જણાવ્યું હતું. બાદમાં, પ્રશિક્ષક ભાઈએ, વાંચવા વિષે વકતવ્ય આપ્યું હતું અને અભ્યાસીઓએ પોતાના અનુભવની જોડીમાં અદલાબદલી કરી હતી. છેવટે, તેઓએ પોતાના જીવનના લક્ષ્યને આ વખતે નવી સમજ સાથે ફરીથી ડાયરીમાં લખ્યું હતું. તે ફળદાયી કાર્યશાળા હતી.દ



**તિરુપ્પુર, તામિલનાડુ, પશ્ચિમ.**

ચેટ્ટીપલાચમ આશ્રમ ખાતે, 5મી ઓકટોબરે સવારના સત્સંગ બાદ, ભાઈ એન. પ્રકાશે સપ્ટેમ્બર મહિનાના અંતમાં મણાપાક્કમમાં રખાયેલા પ્રશિક્ષકોના પરિસંવાદ વિષે સંક્ષિપ્તમાં પ્રવચન આપ્યું હતું. નાસ્તા બાદ, હાજર રહેલા 600 અભ્યાસીઓ, જે પ્રશિક્ષક પાસેથી તેઓ સીટીંગ લેતા હોય, તેમની સાથે જૂથમાં વહેંચાઈ ગયા હતા. પ્રશિક્ષકોએ સમજાવ્યું કે અભ્યાસ ચોક્કસ સમય ઉપર જ થવો જોઈએ તે બાબત ઉપર કમલેશભાઈએ ભાર મૂક્યો છે. તેવું સૂચવામાં આવ્યું કે જે અભ્યાસીઓને ઘરે ધ્યાન કરવા માટે તકલીફ પડતી હોય, તેઓ કોઈ એક જગ્યાએ ભેગા મળીને ધ્યાન કરી શકે છે. અભ્યાસમાં ઉત્સાહ પેદા કરવો તે મુખ્ય બાબત હતી. કમલેશભાઈની સલાહ હતી કે પરિણામોને જોવા ઓછામાં ઓછા દસ દિવસો માટે અભ્યાસ દ્રઢનિશ્ચયતાથી થવો જોઈએ. ચર્ચા બાદ, અભ્યાસમાં સૌથી વધારે ઉત્સાહ ભરવાના ઈરાદાથી બધા છૂટા પડ્યા હતા. હાલમાં દરરોજ, સવારે 6:00 કલાકે શહેરમાં બે સ્થાનો ઉપર સત્સંગનું સદંચાલન કરવામાં આવે છે.

**વીટ્ટલ. કર્ણાટક, દરિયાકાંઠો**

21મી સપ્ટેમ્બરે 'લક્ષ્ય' વિષય ઉપર એક દિવસીય કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું, 16 અભ્યાસીઓ હાજર રહ્યા હતા. અને તેઓએ સાધનામાં તેમની પ્રગતિ સાથે સાથે તેમનો લક્ષ્ય વિષેનો ખ્યાલ કેવી રીતે બદલાયો તેનાથી શરૂઆત કરવામાં આવી હતી. બાબુજી મહારાજના પુસ્તકોમાંથી કેટલાક અંશોના વાંચન બાદ, અભ્યાસીઓને સમજાયું કે તેમના જીવનનું અસલ લક્ષ્ય માસ્ટર પોતે જ છે. તેઓએ લક્ષ્યને હાંસલ કરવાની વિવિધ રીતો ઉપર ચર્ચા કરી અને પ્રાર્થનાની પ્રથમ લીટી, 'તમે જ મારા જીવનનું લક્ષ્ય છો'ના અર્થ ઉપર ચિંતન કરીને કાર્યક્રમનું સમાપન કર્યું.



## અભ્યાસમાં પ્રારંભિક તાલિમ.

આ તાલિમ કાર્યક્રમો ભારતમાં કેટલાક કેન્દ્રોમાં પૂરા જોશથી ચાલુ છે. આ તાલિમમાં ધ્યાન, સફાઈ, રોજનીશી લેખન અને પ્રાર્થના ઉપરના મોડ્યુલ્સ છે.


બીકાનેર

બીકાનેર, રાજસ્થાનમાં 26મી સપ્ટેમ્બરે કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં બીકાનેર, લાડનન, જસવંતગઢ, ડીડ્વાણા, કુચેરા, અને શ્રીગંગાસાગર કેન્દ્રના 85 અભ્યાસીઓએ ભાગ લીધો હતો.


ગોવા

ગોવામાં 16મી અને 17મી ઓગસ્ટ દરમ્યાન કાર્યક્રમ રખાયો હતો જેમાં ગોવા, કારવાર, અને કોલ્હાપુર કેન્દ્રના 32 અભ્યાસીઓએ ભાગ લીધો હતો.


ત્રિપાચાર

ત્રિપાચાર આશ્રમ, કેરાલા ખાતે 12મી ઓક્ટોબરે કેટલાક સત્રોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં 34 અભ્યાસીઓએ ભાગ લીધો હતો.


હાપુર

હાપુર આશ્રમ, ઉત્તર પ્રદેશમાં 7મી સપ્ટેમ્બરે સંચાલિત કરાયેલા તાલિમ કાર્યક્રમનો 87 અભ્યાસીઓને લાભ મળ્યો હતો.

## સંદેશો ફેલાવવો

એકોઝની ટીમને ભારતભરમાં વિવિધ કેન્દ્રોમાં સંચાલિત થયેલા ઓપન હાઉસ ઉપર અનેક લેખો મળ્યા છે. આ પ્રસંગોની કેટલીક તસવીરો નીચે આપવામાં આવી છે.


આગ્રા


ગ્વાલિયર


પુલિઅમપટ્ટી


ખટૌલી


વલસાડ


ભીલવારા


## નવા પ્રકાશનો




સહજ માર્ગ શું છે
ઈંગ્લીશ



સહજ માર્ગ શું છે
કન્નડ




ભક્તિભાવ
ઈંગ્લીશ





હાર્ટ સ્પીક 2011
મરાઠી




હાર્ટ સ્પીક 2013
ઈંગ્લીશ




હાર્ટ સ્પીક 2011
હિન્દી




મારા ગુરુદેવ
એમપી3-ઓડિયા
ગુજરાતી

## નાની મોટી ખબર



**બલીયા, ઉત્તર પ્રદેશ**

પોલીટેકનિક કોલેજ, બલીયા ખાતે 14મી સપ્ટેમ્બરે પરિસંવાદનું સંચાલન કરવામાં આવ્યું હતું. વિષય હતો, "યુવા: વચન આપવાનો અને પ્રયત્ન કરવાનો સમય." આશરે 100 વિદ્યાર્થીઓ, 25 શિક્ષકો અને વાલીઓ પરિસંવાદમાં હાજર રહ્યા હતા.



**બાલ-યુવા કેન્દ્ર, કોલકાતા.**

કોલકાતા આશ્રમની વધતી જતી બાળકોની સંખ્યાની જરૂરીયાતને ધ્યાનમાં લઈને, બાલ-યુવા કેન્દ્ર માટે એક અલગ સ્વતંત્ર ખંડ (CYC) માટે પૂજ્ય માસ્ટરે કૃપા સાથે પરવાનગી આપી હતી. ખુલ્લા મેદાનમાં એક સાદુ બાંધકામ તૈયાર કરવામાં આવ્યું હતું, જેનો ઉપયોગ બાળકો નાની રમતો માટે અને ખેલકૂદ માટે કરે છે. આ સુવિધાનું ઉદ્દઘાટન, 14મી સપ્ટેમ્બરે, સી.વાય.સી જૂથના સમર્પિત સ્વંયંસેવકો દ્વારા માર્ગદર્શિત બાળકોના એક સાદા કાર્યક્રમ થકી કરવામાં આવ્યું હતું.

## મૂલ્યોના શિક્ષણની તાજી માહિતીઓ

**નવી દીલ્હી.**

કાર્યક્રમની શરૂઆત એમબીયન્સ પબ્લીક સ્કૂલમાં એપ્રીલ 2014માં કરવામાં આવી હતી. અઠવાડીયામાં એક વાર વર્ગ લેવાતો હતો. શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા બહુ રસ દર્શાવવામાં આવ્યો ન હોવા છતાં, પહેલા ત્રણ વર્ગો પૂરા થયા બાદ, અભ્યાસક્રમમાં 8-12 વિદ્યાર્થીઓ સ્થાયી થયા હતા. હિંમત, નિષ્ઠા, અને નમ્રતા આ ત્રણ મૂલ્યોને અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે. નમ્રતાના મૂલ્ય તરીકેના ખ્યાલને ઘણો અવરોધ સહન કરવો પડ્યો. ગમે તેટલું ઓછું હોય, તો પણ આ વર્ગોમાંથી વિદ્યાર્થીઓ કાંઈક તો મેળવીને જાય છે.

બીજી સંસ્થા, વિદ્યા ભારતી સ્કૂલે, પશ્ચિમ દીલ્હી, ધોરણ 8 અને 9 માટે, જૂલાઈ 2014માં વર્ગો શરૂ કર્યા હતા. શાળામાં સંખ્યા મોટી છે અને બે વર્ગો ભેગા કરીને 7 વિભાગોની બધું મળીને આશરે 400 વિદ્યાર્થીઓની સંખ્યા થાય છે. બંન્ને શાળાઓ દીલ્હીના અલગ સામાજીક અને સાંસ્કૃતિક વાતાવરણમાં સ્થિત છે, છતાં પ્રતિભાવ લગભગ સરખો રહ્યો હતો.

**મુંબાઈ, મહારાષ્ટ્ર**

27મી ઓગસ્ટે, નાગોથાણેમાં જે.એચ. અંબાણી વિદ્યામંદીર, મરાઠી માધ્યમની શાળા ખાતે રખાયેલા જાગૃતી કાર્યક્રમમાં આશરે 45 શિક્ષકોએ હાજરી આપી હતી. બહેન સીમા ત્રીપાઠી દ્વારા સૌમ્ય છતાં અસરકારક રીતે કાર્યક્રમને સંચાલિત કરવામાં આવ્યો હતો. સત્રના અંતમાં શિક્ષકોએ ધ્યાન વિષે પૂછપરછ કરી હતી. 5 થી 6 શિક્ષકોએ સ્વયંસેવકોને મદદ આપવાનું વચન આપ્યું અને 8 અને 9 ધોરણના વર્ગોને સંચાલિત કરવા પ્રસ્તાવ મૂક્યો હતો. પૂરતાં માનવીય મૂલ્યો સાથે બાળકોનો વિકાસ થાય તેમાં મદદ કરવાના સામાન્ય લક્ષ્ય બાબતે આચાર્યશ્રીએ વકતવ્ય આપ્યું હતું. માનવીય ગુણવત્તાથી સંપૂર્ણ માનવી બનાવવા માટે મુલ્યોનું શિક્ષણ અતિ અગત્યનું છે તેમ જણાવ્યું. તેણીએ પણ સ્વયંસેવકોને પોતાનો સંપૂર્ણ ટેકો આપવા માટે વચન આપ્યું હતું.

જો તમે તમારા કેન્દ્રમાં આવેલી શાળામાં મૂલ્યો વિષે શિક્ષણ શરૂ કરવા ઈચ્છતા હો, તો vbe@shpt.in ઈ-મેઈલ કરશો અથવા તમારા ઝેડ.આઈ.સી.નો સંપર્ક કરવા વિનંતી.

# શોલાવંદન આશ્રમ, તામિલનાડુ

## પ્રકાશનું કેન્દ્ર





શોલાવંદન મદુરાઈથી 28 કી.મી. દૂર આવેલી નગર પંચાયત છે. ડો.સદચાન્દિએ તેમના પોતાના નિવાસ સ્થાને 5મી ઓગસ્ટ 1987ના રોજ, તેનો પ્રારંભ એસ.આર.સી.એમ.ના કેન્દ્ર તરીકે કર્યો હતો. શરૂઆતના દિવસોમાં આશરે 15 અભ્યાસીઓ સત્સંગમાં હાજરી આપતા હતા. માસ્ટરે 70ના અને 80ના દાયકામાં શોલાવંદનની ઘણી મુલાકાતો લીધી હતી, અને ડો.સદચાન્દિના નિવાસસ્થાને સત્સંગોનું સંચાલન કર્યું હતું. તેમણે કેન્દ્રના વિકાસમાં વ્યક્તિગત રસ દર્શાવ્યો હતો.



**આશ્રમ**

જ્યારે આશ્રમની જરૂર જણાઈ, ત્યારે ડો.સદચાન્દિએ શોલાવંદન રેલ્વે સ્ટેશન પાસે 2 એકર અને 43 વીઘા જમીન ખરીદી અને તેમાંથી 1 એકર અને 20 વીઘા જમીન આશ્રમને આપી. અભ્યાસીઓ તરફથી મળેલી દાનની રકમ અને મુખ્ય મથકેથી આપવામાં આવેલી સહાયની રકમ વડે, 1996માં બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. ભાઈ એ.પી દુરાઈ, સંયુક્ત સચિવે, બાંધકામ દરમ્યાન, 24 ઓગસ્ટ 1998ના દિવસે કેન્દ્રની મુલાકાત લીધી હતી અને જરૂરી મદદ કરી હતી. 12મી મે, 1999 ના રોજ આશ્રમની નોંધણી કરવામાં આવી હતી, અને તેનું ઉદ્‌ઘાટન 12મી જાન્યુઆરી 2000 ના દિવસે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારંભમાં વિવિધ કેન્દ્રોમાંથી આશરે 2000 અભ્યાસીઓ એકત્રિત થયા હતા. ધ્યાન કક્ષ 52’x22’ ફૂટનો છે અને આશરે 200 અભ્યાસીઓને સમાવી શકે છે. વધારામાં એક રસોડું, પુસ્તકાલય અને શૌચાલયો પણ આશ્રમમાં આવેલા છે. ઘણા ઓપન હાઉસો થકી અભ્યાસીઓનું સંખ્યાબળ સતત વધી રહ્યું છે અને હવે તે લગભગ 110 અભ્યાસીઓનું થઈ ગયું છે, જેઓ અહીં રખાતા રવિવારના સત્સંગમાં નિયમિતપણે હાજર રહે છે. દર ત્રીજા રવિવારે, આખા દિવસનો કાર્યક્રમ રાખવામાં આવે છે અને દર ચોથા રવિવારે સ્વયંસેવાનું કામ કરવામાં આવે છે. કેન્દ્ર પાસે એક મજબૂત યુવા ટીમ છે અને તેઓ આધ્યાત્મિક જાગૃતિને ફેલાવી રહ્યા છે. તેઓ CREST ના કાર્યક્રમોમાં ભાગ લે છે અને સાધના વિષે જાગૃત નાટીકાઓ ભજવે છે, સમૂહ ચર્ચાઓમાં અને કૌશલ્ય વર્ધનના કાર્યક્રમમાં સામેલ થાય છે. આજુબાજુમાં આવેલા ડિન્ડીગુલ, બાત્લાગુન્ડુ, અને વાડીપટ્ટીના ઉપકેન્દ્રો પ્રારંભિક અવસ્થામાં હોવાથી આ કેન્દ્ર તેની પણ સંભાળ લે છે.






To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2014 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.